યાદ રાખશો કે, Medicare યોજનાઓ દર વષેર્ બદલાઇ શકે છે

અગત્યની Medicare તારીખો

સપ્ટેમ્બર અને ઑક્ટોબર—સમીક્ષા અને સરખામણી

સમીક્ષા: તમારી યોજના બદલાઈ શકે. આગામી વષર્ માટે ફેરફારો વિશે તમારી યોજનામાંથી કોઈ નોટિસ આવી હોય તેની સમીક્ષા કરો.

સરખાવો:તમારી જરૂરિયાતો પૂરી કરતી હોય તેવી યોજનાઓ શોધવા અને સરખામણી કરવા Medicare.gov/plan-compareની મુલાકાત લો .

ઑક્ટોબર 15—બધા માટે નોંધણી શરુ થશે

આ વષર્નો એ સમય છે જ્યારે Medicare ધરાવતા બધા લોકો આગામી વષર્ માટે તેમના સ્વાસ્થ્ય અને દવા માટેની યોજનાઓમાં ફેરફાર કરી શકે છે.

નિણર્ય કરો: ઑક્ટોબર 15 એ પહેલો દિવસ છે જ્યારે તમે આગામી વષર્ માટે તમારા Medicare વ્યાપને બદલી શકો છો.

ડિસેમ્બર 7—બધા માટે નોંધણી બંધ થશે

મોટા ભાગના કિસ્સામાં, ડિસેમ્બર 7 એ છેલ્લો દિવસ છે જ્યારે તમે આગામી વષર્ માટેનો તમારો Medicare વ્યાપ બદલી શકો છો. યોજનાને ડિસેમ્બર 7 સુધીમાં તમારું નોંધણી પતર્ક મળી જવું જોઈએ.

જાન્યુઆરી 1—વ્યાપની શરુઆત

જો તમે બદલીને કોઈ નવી યોજના લો, તો તમારો વ્યાપ જાન્યુઆરી 1થી શરુ થશે. જો તમે તે જ યોજના ચાલુ રાખો, તો નવા વષર્ માટે વ્યાપ, લાભો, અથવા ખચાર્ જાન્યુઆરી 1થી શરુ થશે.

જાન્યુઆરી 1 પછી તમારા વ્યાપમાં ફેરફારો કરવા

જાન્યુઆરી 1-માચર્ 31 વચ્ચે, જો તમે એક Medicare Advantage Planનો ભાગ હોવ, તો તમે તમારી યોજના છોડી શકો છો અને દવા સાથે કે વિનાના વ્યાપવાળા અન્ય કોઈ Medicare Advantage Plan, કે મૂળ Medicare તરફ વળી શકો છો. જો તમે મૂળ Medicare તરફ વળો, તો તમારી પાસે દવા વાળી Medicare યોજનામાં જોડાવાનો વિકલ્પ પણ હશે. યોજનાને તમારું નોંધણી પતર્ક મળે તે પછીના મહિનાના પહેલા દિવસથી તમને આવરી લેવાનું શરુ થશે. અમુક કિસ્સાઓમાં, જો તમે વિશેષ નોંધણી સમયગાળા માટે પાતર્ બનતા હોવ તમે અન્ય ફેરફારો કરી શકો તેવું બની શકે.

Medicare.gov

1-800-MEDICARE

(1-800-633-4227)

TTY: 1-877-486-2048

તમારી પાસે Medicare માહિતી મોટા અક્ષરો, બરે્ઇલ અથવા ઑડિઓ જેવા સુગમ સ્વરૂપમાં મેળવવાનો અધિકાર છે. જો તમને લાગતું હોય કે તમારી સામે ભેદભાવ કરાયો છે, તો તમારી પાસે ફરિયાદ દાખલ કરવાનો અધિકાર પણ છે. વધુ માહિતી માટે Medicare.gov/about-us/accessibility-nondiscrimination-noticeની મુલાકાત લો, અથવા 1-800-MEDICARE (1-800-633-4227) પર કૉલ કરો. TTY વપરાશકતાર્ઓ 1-877-486-2048 પર કૉલ કરી શકે છે.

આ ઉત્પાદનું નિમાર્ણ યુ.એસ. કરદાતાઓના ખચેર્ કરાયું હતું.

CENTERS FOR MEDICARE & MEDICAID SERVICES

CMS (Centers for Medicare & Medicaid Services) **ઉત્પાદ કર્માંક** 11220
ઑગસ્ટ 2022**માં અદ્યતન કરાયું**

શું તમે તમારી

વાષિર્ક Medicare યોજનાની સમીક્ષા કરી લીધી?

Medicare ઓપન એનરોલમેન્ટ (બધા માટે નોંધણી)

ઑક્ટોબર 15– ડિસેમ્બર 7

વધુ વિકલ્પો, ઓછા ખચર્, અને તમને જરૂરી હોય તેવી જાણકારી મેળવવાના વધુ સારા રસ્તાઓ સાથે Medicare પહેલાં ક્યારેય ન હતું તેટલું મજબૂત છે.

દરેક વષર્ પોતાની સાથે નવી સ્વાસ્થ્ય યોજના અને દવા માટેના વ્યાપની પસંદગીઓ લાવે છે. દરેક ફૉલ (પાનખર ઋતુ)માં સ્વાસ્થ્ય અને દવા માટેના તમારા ચાલુ વ્યાપની સમીક્ષા કરો અને એ ખાતરી કરો કે યોજના હજી પણ તમારે માટે યોગ્ય છે.

તમારા નિવારણ લાભો, જેમકે કેન્સર માટેના સ્ક્રીનિંગ અને વાર્ષિક "સુખાકારી" મુલાકાતોનો ફાયદો લેવાનું ભૂલશો નહિ. તમારા મોબાઇલ સાધન ઉપર Medicare વ્યાપની વિગતો મેળવવા માટે ઍપ સ્ટોર અથવા ગુગલ પ્લે પરથી વિના મૂલ્યે "What's Covered (વ્હોટ્સ કવડર્)" મોબાઇલ ઍપ ડાઉનલોડ કરશો.

Medicare

શું મારી યોજના મારે માટે યોગ્ય છે?

Medicare.gov/plan-compareની મુલાકાત લેવી એ વ્યાપ માટેના વિકલ્પોની સરખામણી કરવા અને યોજનાઓ ખરીદવાને પહેલાં ક્યારેય ન હતાં તેટલાં સરળ બનાવે છે. તમને તમારા વિસ્તારમાં એવી યોજનાઓ મળી શકે જે:

- ✓ **ઓછી ખચાર્ળ હોય.**
- ✓ **તમારી પ્રિસ્ક્રિપ્શન દવાઓને આવરી લે.**
- ✓ **તમે ઇચ્છતા હોવ તે પ્રદાતાઓ, જેમકે તમારા ડૉક્ટર અથવા ફામર્સી પાસે તમને જવા દે છે.**
- ✓ **મૂળ Medicare જેમને આવરી નથી લેતું તેવા થોડા વધારાના લાભો રજૂ કરે, જેમકે દૃષ્ટિ, શ્રવણશક્તિ, દંત સારવાર, અને અન્યો.**

તમે આ પણ મેળવી શકો છો:

- ✓ **તમારા આઉટ-ઑફ પોકેટ ખચાર્ઓનો એક અંદાજો.**
- ✓ **યોજનાના ચાલુ સભ્યો પાસેથી ગુણવત્તા અને ગ્રાહક સેવા અંગેના મૂલ્યાંકનો.**

જો તમે યોજનાઓ બદલવા ઇચ્છતા હોવ, તો તમે જે યોજનામાં જોડાવા ઇચ્છતા હોવ તેમને કૉલ કરો. Medicare તમને - ઓનલાઇન, જાતે આવીને, અથવા ફોન ઉપર જોડાવામાં પણ મદદ કરી શકે છે. **જો તમે તમારા ચાલુ વ્યાપથી સંતુષ્ટ હોવ અને એવું માનતા હોવ કે તે આગામી વષેર્ પણ તમારી જરૂરિયાતો પૂણર્ કરશે, તો તમારે કંઈ કરવાની જરૂર નથી.**

યાદ રાખશો, Medicare ખુલ્લી નોંધણી દરમ્યાન તમે મૂળ Medicare સાથે જ રહેવાનો કે એક Medicare Advantage Plan સાથે જોડાવાનો નિણર્ય લઈ શકો છો. જો તમે પહેલેથી જ એક Medicare Advantage Planનો ભાગ હોવ, તો તમે ખુલ્લી નોંધણીનો ઉપયોગ મૂળ Medicare પર પાછા આવવા માટે કરી શકો છો.

મદદ મેળવવાના 4 રસ્તા:

1. **વ્યાપના વિકલ્પો વિશે વધુ જાણવા અને સરખામણી કરવા, અને સ્વાસ્થ્ય તથા દવા માટેની યોજનાઓ ખરીદવા માટે** Medicare.gov/plan-compareની મુલાકાત લો.
2. તમારા વિસ્તારમાંની યોજનાઓની સૂચિ જોવા માટે **તમારી સૌથી અદ્યતન "Medicare & You (મેડિકેર ઍન્ડ યુ)" પુસ્તિકા જુઓ.** તમને તમારી ચાલુ યોજનામાંથી મળે તેવી, "ફેરફારની વાષિર્ક નોટિસ" સહિતની કોઈપણ માહિતીની સમીક્ષા કરો.
3. **1-800-MEDICARE (1-800-633-4227) પર કૉલ કરો. TTY વપરાશકતાર્ઓ 1-877-486-2048 પર કૉલ કરી શકે છે.** જો તમને અંગ્રેજી અથવા સ્પેનિશ સિવાયની કોઈ ભાષામાં મદદની જરૂર હોય, તો ગ્રાહક સેવા પ્રતિનિધિને તે ભાષા વિશે જણાવશો.
4. **વિના મૂલ્યે, વ્યક્તિગત જરૂરિયાત સંબોધતી સ્વાસ્થ્ય વીમા સલાહ માટે તમારા State Health Insurance Assistance Program (SHIP)ને કૉલ કરો.** તમારા સ્ટેટ માટેનો ફોન નંબર જાણવા માટે shiphelp.orgની મુલાકાત લો, અથવા 1-800-MEDICARE પર કૉલ કરો.

મારા Medicare ખચાર્ઓ ચુકવવામાં હું કેવી રીતે મદદ મેળવી શકું?

જો તમને તમારા Medicare પ્રિમિયમ અને અન્ય ખચાર્ઓ ચુકવવામાં મદદની જરૂર હોય, તો Medicare બચત યોજનાઓ અને તમને બચત કરવામાં મદદ કરી શકે તેવી અન્ય યોજનાઓ વિશે જાણવા માટે Medicare.gov ની મુલાકાત લો.

જો તમે મયાર્દિત આવક અને સંસાધનો ધરાવતા હોવ, તો તમે Medicare પ્રિસ્ક્રિપ્શન દવાના ખચર્ ચુકવવા માટે વધારાની મદદ માટે પાત્ર હોઈ શકો. ઓનલાઇન અરજી કરવા માટે ssa.gov/i1020ની મુલાકાત લો. તમે 1-800-772-1213 પર સોશિયલ સિક્યુરિટીને પણ કૉલ કરી શકો છો. TTY વપરાશકતાર્ઓ 1-800-325-0778 પર કૉલ કરી શકે છે.

CENTERS FOR MEDICARE & MEDICAID SERVICES